# કમિશનર શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## રક્ષા શક્તિ સ્કૂલ્સની માહિતી

........................................................................................................................................

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના તા.૧૧/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક સસબ/૧૨૧૭-૫૬૭ (પા.ફા.૧) ગ.૧ થી રાજ્યમાં ૧૦ રક્ષા શકિત સ્કૂલ્સ શરૂ કરવા રૂા.૫૨૫.00 લાખની વહીવટી મંજુરી મળેલ છે. ૧૦ પૈકી ૦૨ (બે) રક્ષા શક્તિ સ્કૂલ્સ વિદ્યાર્થીનીઓ માટે રહેશે. ધોરણ-૬ થી ૧૨ ના કુલ ૫,૦૦૦ વિદ્યાર્થીઓ સશસ્ત્ર દળોમાં કારકિર્દીની તક પ્રાપ્ત કરે તે માટે ઉચ્ચ ગુણવત્તા યુક્ત નિવાસી સૈનિક શાળાઓમાં શિક્ષણ મેળવી શકશે. રક્ષા શકિત સ્કૂલ્સનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને દેશની સંરક્ષણ સેવાઓ, પેરા મિલિટરી સેવાઓ અને પોલીસ સેવાઓમાં કારકિર્દી બનાવવા માટે તૈયાર કરવાનો છે. વિદ્યાર્થીઓની પસંદગી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ દ્વારા કરવામાં આવશે. લેખિત પ્રવેશ પરીક્ષા ઉપરાંત જરૂર પ્રમાણે સૈનિક શાળા બાલાચડી-જામનગર મુજબ ઉમેદવારોને સિવિલ સર્જન તરફથી મેડીકલ ફીટનેશ ટેસ્ટ અને જરૂર પ્રમાણે ઇન્ટરવ્યુ પણ કરવામાં આવશે. જેના આધારે આખરી પ્રવેશ પસંદગી કરવામાં આવશે. રક્ષાશક્તિ સ્કૂલ્સમાં પ્રવેશ પરીક્ષાના મેરીટ આધારે સરકારી તેમજ ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાના વિદ્યાર્થીઓ માટે ૭૫% જગ્યાઓ રહેશે અને ૨૫% થી વધે નહી એ રીતે ખાનગી શાળાના વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે. સરકારી તેમજ ગ્રાન્ટ-ઇન-એઇડ તેમજ ખાનગી શાળામાંથી પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે નિ:શુલ્ક રહેશે. શિક્ષણ વિભાગ દ્વારા રક્ષા શક્તિ નિવાસી શાળાઓમાં શિક્ષણ માટે કોમન પ્રવેશ પરીક્ષાના મેરિટ લિસ્ટમાં આવતા અને રક્ષા શક્તિ સ્કૂલ્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને સ્કૂલ વાઉચર આપવામાં આવશે. તા.૨૨/૦૯/૨૦૨૩ના સુધારા ઠરાવ અનુસાર કમિશનરશ્રી શાળાઓની કચેરી દ્વારા જે તે શૈક્ષણિક વર્ષમાં બે હપ્તામાં સત્રની શરૂઆતમાં વિદ્યાર્થીઓને ફી વાઉચર આપવામાં આવશે. વિદ્યાર્થીઓ શાળાઓને ફીની ચુકવણી માટે આ વાઉચરનો ઉપયોગ કરશે. વિદ્યાર્થીઓ તેમણે પ્રવેશ મેળવેલ રક્ષા શક્તિ સ્કૂલ્સમાં વાઉચર જમા કરાવશે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે રીકરીંગ ખર્ચ સહાય પ્રતિ વિદ્યાર્થી દીઠ રૂ. ૭૫,૦૦૦ (રૂ. પંચોતેર હજાર) આપવામાં આવશે અને તે આગામી નાણાકીય વર્ષથી દર વર્ષે ૭% ના દરે વધારવામાં આવશે. રક્ષા શક્તિ સ્કૂલ્સ માટે પસંદગી પામેલ શાળાઓનું મેનેજમેન્ટ મૂળ ઠરાવના પરિશિષ્ટ-૧માં આપેલ જોગવાઈઓ મુજબ રીકરીંગ ખર્ચ કરી શકશે. શાળાઓની સ્થાપના અને સંચાલન માટેનો સમગ્ર મૂડી ખર્ચ શાળા સંચાલકો દ્વારા ઉઠાવવામાં આવશે. શાળા સંચાલકોએ રક્ષાશક્તિ સ્કૂલ્સના ધારા-ધોરણોને અનુરૂપ જરૂરી શાળાકીય અને નિવાસી અત્યાધુનિક સિવિલ

ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવું પડશે. શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓની ભરતી કરીને રક્ષાશક્તિ સ્કૂલ્સનું સંચાલન કરવા માટે પણ શાળા સંચાલકો જવાબદાર રહેશે. ધોરણ ૬ થી ૮માં ગુજરાતી અને અંગ્રેજીનું દ્વિભાષી માધ્યમ હશે. રક્ષા શક્તિ સ્કૂલ્સમાં ભારતમાં હાલની સૈનિક સ્કૂલ સોસાયટીની પ્રવર્તમાન માર્ગદર્શિકા મુજબ સંરક્ષણ પ્રવૃત્તિઓ માટે જરૂરી વિશિષ્ટ રમતગમત, આઉટડોર અને શારીરિક તાલીમ પ્રવૃત્તિઓ હશે. રક્ષા શક્તિ સ્કૂલ્સમાં National Cadet Corps (NCC) ફરજીયાત રાખવામાં આવશે અને તમામ વિદ્યાર્થીઓને ફરજીયાત પણે નેશનલ ડિફેન્સ એકેડમી (NDA)ની પ્રવેશ પરીક્ષામાં ભાગ લેવાનો રહેશે. વિદ્યા સમીક્ષા કેન્દ્રના સમર્થન સાથે સઘન રચનાત્મક અને સંક્ષિપ્ત મૂલ્યાંકન દ્વારા દરેક બાળકના શીખવાની પ્રગતિને નજીકથી ટ્રેક કરવા માટેની પદ્ધતિ પણ બનાવવામાં આવશે. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (Rashtriya Raksha University-RRU) રક્ષાશક્તિ સ્કૂલ્સના આ પ્રોજેક્ટ માટે શિક્ષણ વિભાગ સાથે નોલેજ પાર્ટનર એજન્સી તરીકે કાર્ય કરશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ(GSHSEB), અન્ય સરકારી સૈનિક શાળાઓનો અભ્યાસક્રમ અને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી સાથે પરામર્શ કરીને આ શાળાઓ માટે એક વિશિષ્ટ અભ્યાસક્રમ વિકસાવશે. સરકારી, બિન-સરકારી સંસ્થાઓ, તેમજ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટિ (CSR) હેઠળના પ્રકલ્પોને રક્ષા શક્તિ સ્કૂલ્સ શરૂ કરવા પ્રોત્સાહિત કરવા શિક્ષણ વિભાગ દ્વારા આમંત્રણ આપશે. પસંદગી સમિતિ દ્વારા પસંદગી પામેલા અરજદારની સંસ્થાની મંજૂરી માટે ગવર્નિંગ કાઉન્સિલને ભલામણ કરશે. કમિશ્નર ઓફ સ્કૂલ્સ(CoS) અમલીકરણ એજન્સી હશે.